આજે મધરાત્રીથી એસ.ટી. બસના પૈડા થંભી જશે

મુસાફર લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડશે : સરકાર માંગ પુરી નહીં કરે તો ૪૦ હજાર કર્મચારીઓ માસ સીએલ પર ઉતરી જશે અને ૮૦૦૦ બસના પૈડાં થંભી જશે

ગાંધીનગર, તા.૧૯

છેલ્લા કેટલા સમયથી એસટી નિગમના કર્મચારીઓ પોતાના પડતર પ્રશ્નોને લઈ રજૂઆત કરી રહ્યા છે. તેમ છતાં સરકાર તેમના પ્રશ્ન પર મૌન છે. સરકાર તરફથી કોઈ હકારાત્મક વલણ ન આવતા કર્મચારીઓમાં રોષ જોવા મળ્યો છે. અમદાવાદ ગીતા મંદિર બસ સ્ટેશન પર સંકલન સમિતિના સભ્યોની મિટિંગ મળી અને સરકારને ૩૦ કલાકનો સમય આપ્યો છે. જો સરકાર માંગ નહીં માને તો ૨૦ ઓક્ટોબરની મધ્યરાત્રીથી ૮૦૦૦ બસના પૈડા થંભાવવા માટે કર્મચારીઓ મક્કમ બન્યા છે. સરકાર પડતર પ્રશ્નો મુદ્દે ચર્ચા કરી અને સમાધાન કાઢે તે માટે કર્મચારીઓ માંગ કરી રહ્યા છે. સરકાર જવાબ નહીં આપે તો ૨૧ તારીખે ૪૦,૦૦૦ કર્મચારીઓ માસ સીએલ પર ઉતરી જશે. રજા પર જવા માટે તમામ કર્મચારીઓએ રજા રિપોર્ટ સબમિટ કર્યો છે. ગઈ કાલે સંકલન સમિતિના સભ્યો સરકારના મંત્રીઓને મળવા માટે ગયા હતા પરંતુ નાણામંત્રીએ ઉડાઉ જવાબ આપ્યો હતો કે જે મળે તે લઈ લો ચર્ચા ન કરો. જેને લઈ કર્મચારીઓમાં રોષ જોવા મળ્યો છે. મંગળવારે અમદાવાદ ગીતા મંદિર બસ સ્ટેશન પર સંકલન સમિતિની બેઠક મળી હતી. સંકલન સમિતિના સભ્યોએ ૨૧ ઓક્ટોબરની રણનીતિ તૈયાર કરી છે. સરકારને ૨૦ ઓક્ટોબર રાતે ૧૦ વાગ્યા સુધીનો સમય આપ્યો છે. સંકલન સમિતિના સભ્યએ વાત કરતા જણાવ્યું કે સરકાર એસટી નિગમના કર્મચારીઓની માંગણી મુદ્દે વિચારે કરે. કારણે ૨૦૧૯માં પણ અમે લડત આપી હતી. ૨ વર્ષ બાદ પણ સરકારે તે પ્રશ્નો ઉકેલ્યા નથી. સરકારના અન્ય નિગમોને ૨૮ ટકા ડીએ અપાય છે. જ્યારે અમને ફક્ત ૧૨ ટકા જ અપાય છે. વારસદારોને નોકરી પણ અપાતી નથી. ૭ માં પગારપંચનું એરિયર્સ પણ ચૂકવાતું નથી. આવા અનેક પ્રશ્નોની અનેકવાર રજુઆત કરી છે પણ કોઈ પરિણામ નથી. કુદરતી આપત્તિ અને રાજકીય બદલાવના કારણે અમે લડત મોકૂફ રાખી હતી. નવા મંત્રીએ અમને ૧૫ દિવસનો સમય આપ્યો હતો તે સમય પણ પૂર્ણ થયો છે. વાહનવ્યવહાર મંત્રી અને નાણાં મંત્રી પણ વાત સાંભળતા નથી માટે અમે ૩ સંગઠનોએ સરકારને ૩૦ કલાકની મહોલત આપી છે.

અમદાવાદથી દિલ્હી બુલેટ ટ્રેન દોડાવવા માટે તૈયારી શરૂ

દેશના સૌથી મોટા લાંબા રુટ પર બુલેટ ટ્રેન દોડશે : બુલેટ ટ્રેન સાબરમતીથી ગાંધીનગર, સાબરકાંઠા, રાજસ્થાન થઈને દિલ્હી પહોંચશે, સરકારે તૈયારીઓ શરૂ કરી

ગાંધીનગર, તા.૧૯

અમદાવાદીઓ માટે એક મહત્ત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. અમદાવાદથી દિલ્હી બુલેટ ટ્રેન દોડાવવા માટે વિચારણા ચાલી રહી છે, જેના માટે સરકારે તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે. તમને જણાવી દઈએ કે નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન હાલમાં અમદાવાદને મુંબઈ સાથે જોડતા હાઈ સ્પીડ (બુલેટ) રેલ કોરિડોરની કામગીરી કરી રહી છે. ત્યારે બીજી બાજુ અમદાવાદથી દિલ્હી બુલેટ ટ્રેન માટેની તૈયારીઓ પણ સરકાર દ્વારા આરંભાઈ છે. જાણવા મળી રહ્યું છે કે અમદાવાદથી દિલ્હી બુલેટ ટ્રેન અમદાવાદના સાબરમતીથી ગાંધીનગર, સાબરકાંઠા, રાજસ્થાન થઈને બુલેટ ટ્રેન દિલ્હી પહોંચશે. અમદાવાદ મુંબઈ વચ્ચે બુલેટ ટ્રેન દોડે તે પહેલા જ અમદાવાદથી દિલ્હી માટે નવી બુલેટ ટ્રેન દોડાવવા માટે સરકારની તૈયારીઓ તેજ થતાં ચારેબાજુ ચર્ચા ઉભી થઈ છે. ગાંધીનગર જિલ્લામાંથી પસાર થનારા બુલેટ ટ્રેનના રૂટને લઈ જિલ્લા કલેકટર સાથે એક બેઠકનું આયોજન પણ કરાયું હોવાનું જાણવા મળી રહ્યું છે. અમદાવાદને દિલ્હી સાથે જોડતા અમદાવાદ-ઉદયપુર-જયપુર- દિલ્હીના ૮૮૬ કિલોમીટર લાંબા દેશના સૌથી મોટા રૂટ પર બુલેટ ટ્રેન દોડશે. મહત્ત્વપૂર્ણ વાત એ છે કે અમદાવાદ દિલ્હી વચ્ચે શરૂ થનારી બુલેટ ટ્રેન દિલ્લી, હરીયાણા, રાજસ્થાન અને ગુજરાત એમ ચાર રાજ્યમાંથી પસાર થશે. અમદાવાદથી દિલ્હી વચ્ચે બુલેટ ટ્રેનના રૂટમાં અંદાજે ૧૫ સ્ટેશન બનશે, જેમા હિંમતનગર ગાંધીનગર અને અમદાવાદ એમ ત્રણ સ્ટેશન ગુજરાતમાં બનશે. અત્રે નોંધનીય છે કે અમદાવાદથી દિલ્હી બુલેટ ટ્રેન દોડાવવા માટે નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન દ્વારા ડીપીઆર તૈયાર કરવાની શરૂઆત કરી દેવામાં આવી છે. બીજી બાજુ એનએચઆરસીએલ દ્વારા રૂટની ડિઝાઈન, ટ્રાફિક સ્ટડી સહિત ડિટેલ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

શહેરમાં ઈદે મિલાદ નિમિત્તે અનોખો ભાઈચારો જોવા મળ્યો હતો. ઈદે મિલાદ ઉજવણી અંતર્ગત ભવ્ય તાજીયા જુલુસ નિકળ્યુ હતુ. સે-૨૧ શાકમાર્કેટ વિસ્તારમાંથી થઈને સે-૨૧ અને જૈન દેરાસર વાળા માર્ગ પર થઈને જુલુસ પસાર થયુ હતુ. જેમાં મુસ્લિમ સમાજના બિરાદરોની હાજરી જોવા મળી હતી જો કે કોવિડની ગાઈડલાઈનનુ પણ યોગ્ય પાલન થાય તેની તકેદારી રાખવામાં આવી હતી. જેના લીધે જુલુસમાં પણ મર્યાદિત સંખ્યા જોવા મળી હતી. નવરાત્રિ પર્વના અંતે ઈદે મિલાદની ઉજવણી માટે પણ સરકારને રજુઆત કરવામાં આવી હતી જેના અંતે જુલુસને મંજુરી આપવામાં આવી હતી.

શહેરમાં ગટરો ઉભરાવાની સમસ્યાનો હજુ અંત આવ્યો નથી સેકટરોમાં છાશવારે ગટરો ઉભરાતી હોવાનો આક્રોશ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. સે-૪ એ માં પણ ગટરો ઉભરાતા ગટરનુ દુષિત પાણી રસોડા સુધી આવતુ હોવાનો રોષ રહીશો ઠાલવી રહ્યા છે. સે-૩ ની ડ્રેનેજ ઈન્કવાયરીમાં આ મામલે અનેકવાર ફરિયાદ કરવા છતા નિરાકરણ આવતુ નથી. આ સ્થિતિ વચ્ચે ગમે ત્યારે રોગચાળો પ્રવર્તે તેવી દહેશત પણ સ્થાનિકોએ વ્યકત કરી છે.

ઉત્તરાખંડમાં ફસાયેલા ગુજરાતી યાત્રીકો માટે રાજ્ય સરકારના પ્રયાસો

ગાંધીનગર, તા. ૧૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉત્તરાખંડમાં કુદરતી સંકટ અને વરસાદને કારણે ગુજરાતના જે યાત્રિકો ત્યાં ફસાઈ ગયા છે તેમને જરૂરી મદદ સહાય માટે ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંગ ધામીજી સાથે ટેલીફોનીક વાતચીત કરી હતી.

ગુજરાતના જે યાત્રિકો ત્યાં ફસાયેલા છે તેમનો સંપર્ક થઈ શકે અને અન્ય માહિતી મેળવી શકાય તે માટે મુખ્યમંત્રીની સૂચનાને પગલે ગુજરાત સરકારના ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના હેલ્પ લાઈન નંબર જાહેર કરવામાં આવ્યા છે. આ હેલ્પલાઈન ૦૭૯ ૨૩૨૫૧૯૦૦ નંબર પર ઉત્તરાખન્ડમાં અટવાયેલા ગુજરાતના યાત્રિકોના સગા સંબંધીઓ, સ્નેહીજનો વિગતો આપી તેમજ મેળવી શકશે.

મંજુશ્રી ઈન્સ્ટીટ્યુટ ઓફ આર્યુવેદિક સાયન્સ પિંડારડા ખાતે એક કાનુની શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તામંડળ, અમદાવાદ, જિલ્લા

કાનુની સેવા સત્તામંડળ ગાંધીનગરના ઉપક્રમે દેશભરની કોર્ટો દ્વારા નામદાર સુપ્રિમકોર્ટની સુચનાથી ઉજવાઈ રહેલ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ગોયન્કા હોસ્પિટલ, મંજુશ્રી ઈન્સ્ટીટ્યુટ ઓફ આયુર્વેદિક સાયન્સ, પિંડારડા ખાતે એક કાનુની શિબિરનું આયોજન કરવામાં આવ્યું જેમાં ડિસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ કોર્ટના પેરા લિગલ વોલન્ટીયર સુધીર દેસાઈ દ્વારા કોર્ટમાં ચાલતા કેસોનું કોર્ટ બહાર પણ કાયદેસરનું સમાપન એટલે કે મિડિયેશન-મધ્યસ્થા વિશે વિગતવાર સમજણ કાર્યક્રમમાં ઉપસ્થિત લગભગ ૯૫ વિદ્યાર્થીઓને આપવામાં આવેલ હતી.

આ કાર્યક્રમમાં મેડિકલ એડમિનિસ્ટ્રેટર સાપાવાડિયા, ડે. મેડિકલ સુપ્રિ. અરવિંદ સિંઘ, એકેડેમિક કો. ઓર્ડિનેટર મનીષા વાજા તેમજ એચ.ઓ.ડી. ડૉ. મૃણાલ તિવારી અને ડૉ. સ્મિતા પંચાલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કિશોર ઈન્સ્ટીટ્યુટના બે તેજસ્વી જે ઈ ઈ માં ઝળકયા આઈ આઈ ટી માં પ્રવેશ મેળવશે

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગર કિશોર ઈન્સ્ટીટ્યુટના બે વિદ્યાર્થીઓ આઈ આઈ ટી માટે ક્વોલિફાઈડ થયા છે. દેશની સૌથી પ્રતિષ્ઠિત ઈજનેરી કોલેજ આઈ આઈ ટી માં પ્રવેશ માટે જે ઈ ઈ એડવાન્સની પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષાનુ પરિણામ જાહેર કરવામાં આવતા કીશોર ઈન્સ્ટીટ્યુના વિદ્યાર્થીઓ ઝળકયા છે. સમગ્ર ગુજરાતમાંથી કુલ ૧૦ વિદ્યાર્થીઓ આ પ્રવેશ માટે ઉત્તિર્ણ થયા છે. જેમાં ગાંધીનગરમાં વિદ્યાર્થીઓ માટે ચહીતી સંસ્થા કીશોર ઈન્સ્ટીટ્યુટમાં અભ્યાસ કરતા મનદીપસિંહ ઝાલા અને નિશાંત પરમારે આ પરીક્ષામાં સફળતા મેળવી છે. આઈ આઈ ટી માં પ્રવેશ મેળવવાનુ વિદ્યાર્થીઓ માટે ખુબ મુશ્કેલ છે. કીશોર ઈન્સ્ટીટ્યુના માર્ગદર્શન તેમજ કીશોર સર , બલવંત સર અને અજયસરના માર્ગદર્શનના લીધે બન્ને વિદ્યાર્થીઓને ધાર્યા મુજબ પરિણામ પ્રાપ્ત થયુ છે. આ તેજસ્વીઓએ તેમની સફળતાનો શ્રેય કિશોર ઈન્સ્ટીટ્યુટના શિક્ષકો તેમજ તેમના માતાપિતાને આપતા જણાંવ્યુ હતુ કે જો મન મક્કમ કરો તો ધાર્યુ પરિણામ મેળવી શકાય છે.

ભવ્ય ગુજરાત દીપોત્સવી અંકમાં ગાંધીનગરના સર્જકોની દીવાળી.!

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત દીપોત્સવી અંક-૨૦૭૭નું વિમોચન ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું. માહિતી ખાતા દ્વારા પ્રકાશિત ગુજરાત દીપોત્સવી અંક સાહિત્ય પ્રેમીઓના આકર્ષણનું કેન્દ્ર બની રહે છે. ગુજરાતનો સાહિત્યિક વારસો આ દીપોત્સવી અંક દ્વારા સચવાઈ રહે છે.

ગુજરાત દીપોત્સવી અંકમાં લબ્ધપ્રતિષ્ઠ સાહિત્યકાર સાથે નવોદિત સર્જકની કલમે કુલ ૩૧ અભ્યાસ લેખ, ૩૨ નવલિકા, ૧૯ વિનોદિકા, ૧૦ નાટિકા અને ૯૯ કાવ્યો અને ભરપૂર નયનરમ્ય તસવીરો અને ચિત્રોથી સમગ્ર ગુજરાત દીપોત્સવી અંક શોભાયમાન બન્યો છે. આ ગુજરાત દીપોત્સવી અંકના સંપાદક પુલકભાઈ ત્રિવેદી છે જ્યારે ઉપ સંપાદક જગદીશભાઈ આચાર્ય છે અને સહ સંપાદક તરીકે ઉર્વી રાવલ, શીરિન સૈયદ અને બેલા મહેતાએ કામ કર્યું છે.

ગુજરાત દીપોત્સવી અંકમાં સ્થાન પામવાની સૌ સર્જકોની ઈચ્છા હોય છે. આ વખતે ગુજરાત દીપોત્સવી અંકમાં ગાંધીનગરના સર્જકોને દીવાળી થઈ ગઈ છે. સમગ્ર અંકમાં કુલ મળીને ૪૧ સર્જકો સ્થાન પામ્યા છે. અભ્યાસ લેખમાં પદ્મશ્રી ડો. વિષ્ણુભાઈ પંડયા, દોલત ભટ્ટ, નટુભાઈ પરમાર, વસંત ગઢવી,

પુલકભાઈ ત્રિવેદી, વાગ્મિન બુચ. નવલિકા વિભાગમાં મહંમદ માંકડ, ડો. કેશુભાઈ દેસાઈ, રાઘવજી માધડ, ભી.ન. વણકર, પ્રવિણ ગઢવી, સંજય થોરાત 'સ્વજન', ડો. અનિલ ચૌહાણ, ડો. અશોક નારાયણ, અલતાફ પટેલ, અન્નપૂર્ણા મેકવાન, પ્રદ્યુમ્ન આચાર્ય સ્થાન પામ્યાં છે. વિનોદિકા વિભાગમાં હરિકૃષ્ણ પાઠક અને ભર્ગદેવ ભટ્ટ જ્યારે નાટિકામાં પ્રકાશ લાલાની કૃતિ સ્થાન પામી છે.

ગુજરાત દીપોત્સવી અંકમાં કાવ્ય વિભાગમાં દલપત પઢીયાર, ભાગ્યેશ જહા, હર્ષદ ત્રિવેદી, કિશોર જિકાદરા, અનંત પટેલ, રમેશ ઠક્કર, ભાનુપ્રસાદ પુરાણી, ભસ્માંગ માંકડ, ડો. ધૈવત શુક્લ, ડો. પ્રદીપ આઝાદ, પ્રજ્ઞા પટેલ, રમણભાઈ વાઘેલા, ડો. મુકેશ જોષી, શૈલેષ પંડયા 'ભીનાશ', ડો. કનૈયાલાલ ભટ્ટ, પ્રતાપસિંહ ડાભી 'હાકલ', નટવર હેડાઉ અને ભુપેન્દ્ર ત્રિવેદીની રચનાઓ સ્થાન પામી છે. તસવીરોમાં નિકુંજ વૈશ્યક, સંજીવ પંડયા અને દર્શન પુરાણી સ્થાન પામ્યા છે. ગાંધીનગર શહેર માટે આ ગૌરવની વાત છે.

ગુરૂવાર મધ્યરાત્રિથી ઓરીયોનીડસ ઉલ્કાવર્ષાનો અવકાશી નજારો

અમદાવાદ, તા. ૧૯

દુનિયાભરમાં ઓરીયોનીડસ ઉલ્કાવર્ષાની મોસમ તા. ૨૬મી ઓક્ટોબર સુધી ક્રમશઃ જોવા મળવાની છે. ભારમતાં તા. ૨૧મી ઓક્ટોબર ગુરૂવાર મધ્યરાત્રિથી પરોઢ સુધી સ્વચ્છ આકાશમાં ઓરીયોનીડસ ઉલ્કાવર્ષા જોવા મળવાની છે. રાજ્યમાં પૂર્વથી ઉત્તર તરફ ઈશાન કોણમાં જોવા મળશે. રાજકોટમાં ૧૦.૭૬ અંશની ઉંચાઈએ આ નજારો જોવા મળશે. ચંદ્રની તેજસ્વીતાના કારણે નરી આંખે જોવામાં તકલીફ પડશે. રાજ્યમાં ભારત જન વિજ્ઞાન જાથાની કચેરી ઉલ્કાવર્ષાની જાણકારી માટે વિશેષ વ્યવસ્થા ગોઠવી છે. દેશભરમાં પ્રત્યેક પરિવારના ઘરમાં ટેલીસ્કોપ, દૂરબીન જેવા વિજ્ઞાન ઉપકરણ ઉપલબ્ધ થાય તે માટે જાથાએ પ્રયાસો આદર્યા છે.

જાથાએ લોકો આકાશ તરફ નજર કરતા થાય તે માટે અભિયાન હાથમાં લીધું છે. અવકાશી ખગોળીય ઘટનાની માહિતી અવારનવાર આપવામાં આવે છે. ગુરૂવાર મધ્યરાત્રિ ૧૧.૩૦ કલાકથી સવારના ૫.૩૦ કલાક દરમ્યાન કલાકના ૨૦ મીટરની ગતિએ ઉલ્કાવર્ષા પડતી જોવા મળશે. કુદરત-પ્રાકૃતિક નિયમ આધારિત ઘટનાઓ બનતી હોય છે. વિશ્વના વૈજ્ઞાનિકોએ ખગોળ ક્ષેત્રે અસાધારણ પ્રગતિ મેળવી છે તેના સૌ સાક્ષી છીએ. વર્તમાન યુગ ટેલીસ્કોપને શેરીના ચોકમાં ગોઠવી, લોકોને અભિમુખ કરવાની જરૂર છે. વિજ્ઞાન જાથા દેશભરમાં સફળતાના કારણમાં વાસ્તવિકતા સ્વીકારી કામ કરે છે. ઉલ્કાવર્ષા દિવસે જોવા મળતી નથી સતત ત્રણ દિવસ સુધી ક્રમિક ઉલ્કાવર્ષા જોવા મળશે. નરી આંખે નિર્જન જગ્યાએથી આહલાદક જોઈ શકાય છે.

ઉલ્કાવર્ષા વર્ષ દરમ્યાન ૧૦ થી ૧૨ વખત અને વધુમાં વધુ ૫ વખત આકાશમાં જોવા મળે છે. આ ઉલ્કાવર્ષાનો પાછળ ધૂમકેતુઓ કારણભૂત છે. ઉલ્કા પડતી હોય ત્યારે સેકન્ડના ૩૦ કિલોમીટરનો વેગનો અનુમાન રખાય છે. વાતાવરણમાં રહેલ વાયુઓ સાથે ઘર્ષણના કારણે આ ટુકડાઓ સળગી ઉઠે છે અને તેજ લીસોટા, અગ્નિ સ્વરૂપે આકાશમાં જોવા મળે છે. તેને પ્રકારમાં ફાયરબોલ, અગનગોળા કે ઉલ્કાવર્ષા કહેવાય છે. ઈન્ટરનેશનલ મેટીયોર ઓર્ગેનાઈઝેશન ઉલ્કા પડવાની નોંધ રાખે છે. ઉલ્કાવર્ષા નિહાળવા મધ્યરાત્રી બાદ અને વહેલી પરોઢનો સમય શ્રેષ્ઠ છે. મોટેભાગે વહેલી પરોઢે ઉલ્કા વરસાદ જોવા મળે છે. વિદેશમાં લોકો છેલ્લા ત્રણ દિવસથી ઉલ્કા પડવાનો અનુભવ કરે છે. તેઓ દરિયાઈ વિસ્તાર પસંદ કરી આનંદ લૂંટે છે. રંગબેરંગી ફટાકડાના દૃશ્યો આકાશમાં જોઈ જીંદગીનો યાદગાર પ્રસંગ બનાવે છે. ભારતમાં રણપ્રદેશ, દરિયાઈ પટ્ટીમાં ખગોળપ્રેમીઓ ઉલ્કાવર્ષા નિહાળી રોમાચિંત થવાના છે. ઉલ્કા જ્યારે પૃથ્વી ઉપર રોજની લગભગ ૪૦ ટન જેટલી ઉલ્કાઓ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. ઉલ્કાવર્ષાને નજરકેદ કરવા ૧૦૮૫૦નું મેગ્નીફીકેશન ધરાવતું દૂરબીન ગોઠવી શકાય છે.

માછલીઓ પડતાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

માછલી પડવાની વાત જંગલમાં લાગેલી આગની જેમ ફેલાઈ. એવામાં કોઈ પોતાની છત પર પહોંચ્યુ તો કોઈએ ખેતર તરફ દોડ લગાવી દીધી. ગામના લોકોનુ કહેવુ છે કે ખેતર, ધાબુ, બગીચા સહિત તમામ સ્થળ પર માછલીઓ પડી હતી. આ દરમિયાન સમગ્ર વિસ્તારમાં લગભગ ૫૦ કિલો માછલી ઉઠાવવામાં આવી પરંતુ તેમના ઝેરીલા હોવાની આશંકા વધુ કોઈ અનહોનીના ડરના કારણે તેમને વિસ્તારના તળાવ અને ખાડામાં ફેંકવામાં આવી. ગ્રામીણોએ કહ્યુ કે આકાશમાંથી માછલીઓ ટપકતી જોતા તમામ ચોંકી ગયા જોકે કોઈએ પણ તે માછલીઓને ખાવા વિશે વિચાર કર્યો નહીં. એક્સપર્ટસનુ કહેવુ છે કે આ કોઈ સામાન્ય ઘટના નથી. ક્યારેક ક્યારેક નિમ્ન દબાણ બનાવાના કારણે આવુ થાય છે નદી અથવા તળાવ નજીક બની ચક્રવાતી પવન માછલીઓને ઉડાવી લે છે અને આસપાસ જ વરસાદના કારણે ધરતી પર પડવા લાગે છે. આ પ્રક્રિયા ઘણી ઝડપી હોય છે.

મેઘરજમાં ઈદે મિલાદ પર્વની ઉજવણી કરાઈ

મેઘરજ નગર માં ઈદે મિલાદ પર્વ નિમિત્તે મેઘરજ હેલપીન્ગ હેન્ડસ ગૃપ ના યુવાનો અને હઝરત સૈયદ કાદરીમીયા ની આગેવાની હેઠળ મેઘરજ ની હોસ્પિટલમાં હાજર દર્દી ઓને ફ્રુટ નું વિતરણ કરી ઉમદા કાર્ય કરી મેઘરજ મા? અનોખી રીતે ઈદે મિલાદ પર્વ ની ઉજવણી કરવામાં આવી હતી.

ગુજરાતીઓ ફસાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

યાત્રીઓની સુરક્ષિત સ્થળો પર જવાનું કહેવામાં આવ્યું છે. જે યાત્રી કેદરનાથ પહોંચી ગયા છે. તેમને દર્શન કર્યા પછી ગૌરીકુંડ અને સોનપ્રયાગ મોકલવામાં આવી રહ્યા છે. શનિવારે ૧૬,૩૩૮ તીર્થયાત્રીઓએ બાબાના દર્શન કર્યા હતા. અત્યાર સુધી કેદારનાથ ધામમાં ૮પથી ૯૦ હજારની નજીક તીર્થયાત્રી દર્શન કરી ચૂક્યા છે. બીજી તરફ ચાર ધામ યાત્રા અટકાવી દેવામાં આવતાં અનેક ગુજરાતી પરિવારનો પમ ફસાયા છે. જેમાં અમદાવાદના મણિનગરનો એક પરિવાર પણ ઉત્તરાખંડમાં ફસાયો છે. બીજી તરફ પહેલાથી પ્રીપ્લાન બુકિંગ અને ફ્લાઈટની ટિકિટો હોવાથી આ પરિવારને ચારધામ યાત્રા અટકાવી દેવાની ફરજ પડી છે. આ પરિવારના જણાવ્યા મુજબ ગંગોત્રીમાં ભારે વરસાદના કારણે ૩૦૦૦થી વધુ ગાડીઓ અટકાવી દેવામાં આવી છે. જ્યારે રાજકોટના ૧૮૦ લોકોનું એક ગ્રૂપ ગંગોત્રીના રસ્તામાં ફસાઈ ગયું હોવાનું પણ સામે આવ્યું છે. જેમાં ધોળકા વિદ્યાલયના શિક્ષક ચેતનભાઈએ કહ્યું કે, અમે ઉત્તરકાશીથી ગંગોત્રી રોડ પર આવેલા નેતાલામાં ફસાઈ ગયા છીએ. હજુ તો અમારી એક જ યાત્રા થઈ છે. જ્યારે મણિનગરના રહેવાસીએ કહ્યું કે હું અને પત્ની, દીકરો તેમજ દીકરી-જમાઈ સાથે ચાર ધામની યાત્રા કરવા આવ્યા છે. યમનોત્રીની યાત્રા પૂર્ણ કરીને આવ્યા છે. પણ નેતાલમાં અટવાઈ ગયા છે. ૧૦ દિવસનો કાર્યક્રમ હતો. કેદારનાથનો કાર્યક્રમ હતો પણ ગંગોત્રીમાં ભારે વરસાદના કારણે આગળ જવું શક્ય નથી. ત્યારે રિટર્ન ટિકિટ પણ અમારી પાસે છે તેથી આગળનો પોગ્રામ કેવો રહેશે તે કહેવું હાલ તો મુશ્કેલે છે.